# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨web :-www.suratdeo.or


જા.નં.મા-૨/માધ્ય/જ્ઞા.સ.યો/૨૦૨૩/૨૦૭૫૫૫ તા. ૧૯/૧૨/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ.

જિ.સુરત

વિષયઃ- ડૉ. કનુભાઇ ટેલર ના જીવન પર આધારિત પ્રેરણાત્મક તથા મનોરંજન ચલચિત્ર નિહાળવા બાબત.

સંદર્ભઃ- ૧.ભારતીય દિવ્યાંગ કલ્યાણ સંસ્થાના તા.૦૪/૧૧/૨૦૨૩ ના પત્રાંક : ડિવેટ્ર/ચલચિત્ર/પરિપત્ર/૨૦૨૩-૨૪/૨૮૫

૨. ભારતીય દિવ્યાંગ કલ્યાણ સંસ્થાના તા.૧૮/૧૨/૨૦૨૩ ના પત્રાંક : ડિવેટ્ર/ચલચિત્ર/પરિપત્ર/૨૦૨૩-૨૪/૨૭૧

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, વિદ્યાર્થીઓમાં સામાજિક સંવેદનાનો વિકાસ થાય અને દિવ્યાંગોમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુસર બાળકો ડૉ.કનુભાઇ ટેલરના જીવન પર આધારીત ગુજરાતી ફિલ્મ “કનુભાઇ-ધ ગ્રેટ” આ ચલચિત્ર પોતાની અનુકૂળતાએ નિહાળે તે હેતુસર શ્રી કનુભાઇ ટેલરે માતા-પિતાની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે ગરીબીમાં સંપૂર્ણ સંઘર્ષમય જીંદગીનો સામનો કરી અને પોતાનું બંને પગનું ૧૦૦% દિવ્યાંગતાનું દુઃખ સ્વીકારી લાખો દિવ્યાંગ માટે કંઇક કરવાની ભાવના સાથે અથાગ મહેનત અને સંઘર્ષ કરી દિવ્યાંગોના વિકાસ માટે અનેક કાર્યો કર્યા છે. તેમના જીવનચરિત્ર અને કરેલ કાર્યોને અવગત કરતી પ્રેરણાત્મક અને પરિવાર સાથે જોવાલાયક ગુજરાતી ચલચિત્ર “કનુભાઇ-ધ ગ્રેટ” નું રૂદ્ર મોશન ફિલ્મ તથા વનરાજ સિસોદિયા ફિલ્મ્સ પ્રેઝેન્ટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. જે તા.૧૫/૧૨/૨૦૨૩ના રોજ સિનેમાઘરોમાં રજૂ થયેલ છે.જીવનમાં નિરાશા દૂર કરી આગળ વધવાની પ્રેરણા મેળવે તે ઉમદા હેતુ સાથે તમામ શાળાઓના બાળકો આ ફિલ્મ નિહાળે એવું આયોજન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

ક્રમાંક : રા.ક.મં./સં.બા./પ્રા.મા. અને પ્રૌ. શિ./ઉ.શિ./VIP- ૯૨૦ /૨૦૨૩

પ્રફુલ પાનશેરીયા

**રાજ્યકક્ષાના મંત્રી,**
**સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને**
**પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : 11 DEC 2023

શ્રી કનુભાઈ ટેલરે માતા–પિતાની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે ગરીબીમાં સંપૂર્ણ અગવડતાભરી જીંદગીનો સામનો કરી અને પોતાનું બંને પગનું ૧૦૦% દિવ્યાંગતાનું દુ:ખ સ્વીકારી લાખો દિવ્યાંગો માટે કંઈક કરવાની ભાવના સાથે અથાગ મહેનત અને સંઘર્ષ કરી દિવ્યાંગોના વિકાસ માટે અનેક કાર્યો કર્યા છે. તેમના જીવનચરિત્ર અને કરેલ કાર્યોથી અવગત કરતી પ્રેરણાત્મક અને પરિવાર સાથે જોવાલાયક ગુજરાતી ચલચિત્ર "કનુભાઈ–ધ ગ્રેટ"નું રૂદ્ર મોશન ફિલ્મ તથા વનરાજ સિસોદિયા ફિલ્મ્સ પ્રેઝન્ટ દ્વારા નિર્માણ કરવામાં આવેલ છે. જે તા.૧૫/૧૨/૨૦૨૩ના રોજ સિનેમા ઘરોમાં રજૂ થનાર છે. આ ફિલ્મ નિહાળી શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ જીવનમાં નિરાશા દુર કરી આગળ વધવાની પ્રેરણા મેળવે તે માટે ડૉ. કનુભાઈ ટેલર દ્વારા તા.૦૪/૧૨/૨૦૨૩ના પત્રથી મને કરેલ રજૂઆત આ સાથે સામેલ છે.

ઉકત રજૂઆત પરત્વે યોગ્ય ઘટતી કાર્યવાહી સત્વરે કરશો.

(પ્રફુલ પાનશેરીયા)

પ્રતિ,

- **અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)**
  શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- **સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)**
  શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર

**કાર્યાલય ફોન :** ૦૭૯-૨૩૨ ૫૦૧૯૩, ૨૩૨ ૫૦૧૯૫, **ફેક્સ :** ૨૩૨ ૫૦૧૮૯
**E-mail :** mos-edu@gujarat.gov.in

Member
State Advisory Board on Disability (SAB)
The Rights of Persons with Disabilities Act, 2016
Ministry of Social Justice and Empowerment, Govt. of Gujarat

ExMember
ZRUCC, Western Railway, Mumbai
Chairman, Divyang News Media

सत्यमेव जयते
Government of India

**Dr. Kanubhai Tailor** Padmashri Awardee

ExMember
Central Advisory Board on Disability (CAB),
The General Council of Rehabilitation Council of India
National Council for Senior Citizen, Western Region
Dept. of Emp. of Persons with Disabilities (Divyangjans)
Ministry of Social Justice and Empowerment. Govt. of India

ડિવેટ્ર/ક.ધ.ગ્ર/મુવી/બુકીંગ/૨૦૨૩–૨૪/૨૭૦ તા.૧૮/૧૨/૨૦૨૩

શ્રીમાન,

નમસ્તે, આપને જાણીને આનંદ થશે કે ગુજરાતી ફીચર ફીલ્મ **''કનુભાઈ – ધ ગ્રેટ''** આપની સંસ્થાનાં વિદ્યાર્થીઓને બતાવવા બુકીંગને લગતી માહીતી માટે, અમારી સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી મોહનભાઈ નાયર મોબાઈલ નંબર : 9099045638 નો સંપર્ક કરવો, જે આપને ખુબ મદદગાર બની રહેશે.

આભાર સહ, કુશળ હશોજ.

આપનો વિશ્વાસુ

(ડૉ.કનુભાઈ ટેલર)